## <u>રાજકોટ ના મહે. ૯મા એડી.ચીફ જયુડી. મેજી.  સાહેબ ની કોર્ટ, રાજકોટ</u>

ફો. કે. નં.– ૭૭૪૯/૨૦૧૫
આંક– ૩૧

શ્રી સરકાર ....... ફરીયાદી

**<u>વીરૂઘ્ઘ</u>**

૨. હાજીભાઈ આયુબભાઈ શેખ ..... આરોપી

**<u>આરોપ</u>:– <u>જુગારધારા કલમ–૧૨ મુજબ.</u>**

(૧) આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી તારીખ ૧૯–૦૯ –૨૦૧૫ ના રોજ જાહેર માં ગોળ કુંડાળુ વળી ગંજીપાના વડે પૈસા વતી હારજીત નો તીનપતી જો જુગાર રમી પકડાયેલ જઈ જુગાર સાહીત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારા ની કલમ–૧૨ મુજબ નો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી ને પોલીસ પેપર્સ ની નકલો આપ્યા બાદ, આરોપી ની પ્લી ગુના સબબ નોંધાતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરશીષ અલગ થી આપેલ છે.

(૩) આરોપી એ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપી એ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવીષ્ય માં આવ પ્રકારનો ગુન્હો નહિ કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપી એ ગુન્હાનો એકરાર કરેલ હોય, આરોપી ને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપીની કબુલાત પુરશીષ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષ માં લેતા તેમજ ન્યાયમુર્તિ ડો. જે. એન. ભટૃ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ઘ નટવર હરચંદ ઠાકોર  જી.એલ.આર. પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ને લક્ષમાં લેતા, આ કામના આરોપી ને હાલના ગુના સબબ કલમ માં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડ ની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી ની સામેના ગુના ને લક્ષ માં લેતા અર્ઘ ગ્રામ્ય વાતાવરણમાંથી પક્ષકારો આવતા હોય, આવા પ્રકાર ના સંજોગો માં રજુઆતો લક્ષ માં લેતા આરોપી ને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાય ના વિશાળ હિત માં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**-::હુ ક મ::-**

આ કામના દરેક આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ-૨૫૨ મુજબ જુગાર ધારા ની કલમ-૧૨ ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપી દિઠ કુલ રૂા. 500/- ( અંકે રુપીયા પાંચસો પુરા) નો દંડ અને જો દંડ ન ભરે તો પ્રત્યેક ને દિવસ ૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા કરવી અન્ય મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૧૧/**૦૯**/૨૦૨૧

(વી. આર. ચૌધરી )
૯મા અધિક ચીફ. જયુ. મેજી.
રાજકોટ.